**ભારત-ઇરાન વિદેશ કાર્યાલય પરામર્શ**

**03 જાન્યુઆરી, 2025**

03 જાન્યુઆરી, 2025 ના રોજ નવી દિલ્હીમાં 19મી ભારત-ઇરાન વિદેશ કાર્યાલય પરામર્શ બેઠક (FOC) યોજાઈ હતી. વિદેશ સચિવ શ્રી વિક્રમ મિશ્રી અને ઇસ્લામિક રિપબ્લિક ઑફ ઇરાનના રાજકીય બાબતોના નાયબ વિદેશ મંત્રી મહામહિમ ડૉ. માજિદ તખ્ત રવાંચીએ બેઠકની સહ-અધ્યક્ષતા કરી.

2. બંને પક્ષોએ ચાબહાર બંદર, કૃષિ સહકાર, વ્યાપાર અને આર્થિક બાબતોની સાથે-સાથે સાંસ્કૃતિક અને લોકો વચ્ચેના સંબંધો સહિતના મુદ્દાઓ પર દ્વિપક્ષીય સંબંધોના સંપૂર્ણ પહેલુની સમીક્ષા કરી.

3. ચર્ચામાં વર્તમાન પ્રાદેશિક અને વૈશ્વિક વિકાસ (જેમાં અફઘાનિસ્તાન, પશ્ચિમ એશિયા અને દક્ષિણ કાકેશસની સ્થિતિ સહિત) નો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. વિદેશ સચિવે અફઘાનિસ્તાનના પુનર્નિર્માણ અને આર્થિક વિકાસને ટેકો આપવા માટે ચાબહાર બંદરના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. બંને પક્ષોએ UN, BRICS અને SCO સહિત બહુપક્ષીય મંચો પર સહકારને વધુ ગાઢ બનાવવાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.

4. તેમની મુલાકાત દરમિયાન, મહામહિમ ડૉ. માજિદ તખ્ત રવાંચીએ વિદેશ મંત્રી ડૉ, એસ. જયશંકરની પણ મુલાકાત લીધી. તેમની ચર્ચાઓ દ્વિપક્ષીય બાબતો અને વર્તમાન પ્રાદેશિક પડકારો પર કેન્દ્રિત રહી હતી. બંને પક્ષો બંને દેશો વચ્ચેના સહકારને મજબૂત બનાવવા અને ઉચ્ચ સ્તરીય આદાન-પ્રદાનની ગતિને જાળવી રાખવા પર સંમત થયા હતા.

**નવી દિલ્હી**

**03 જાન્યુઆરી, 2025**